।। जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।।

# જન્મભૂમિ

Janmabhoomi 4-9-2010 Mumbai

REGD No. MH/MR SOUTH-58/2009-11 RNI No. 1559/57

વર્ષ : ૭૭, અંક-૭૫
મુંબઈ, શનિવાર, તા. ૪-૯-૨૦૧૦
બહારગામની આવૃત્તિ
તા. ૫-૯-૨૦૧૦
પાનાં : ૧૦+૪=૧૪
કિંમત : રૂ. ૨.૫૦


**આજનું પંચાંગ** — વિક્રમ સંવત ૨૦૬૬ શ્રાવણ વદ - ૧૦

| સૂર્યોદય | સૂર્યાસ્ત | ચંદ્ર | વ્રત પર્વ : |
|---|---|---|---|
| ૦૬.૨૫ | ૧૮.૫૦ | મિથુન (ક, છ, ઘ) | અજા સ્માર્ત એકાદશી (ખારેક) |
| આવતી કાલે | | | |
| સૂર્યોદય ૦૬.૨૫ | સૂર્યાસ્ત ૧૮.૪૯ | નક્ષત્ર ૧૨.૩૨ સુધી આર્દ્રા પછી પુનર્વસુ | દિવસ અશુભ |

દિન વિશેષ : પર્યુષણ પ્રારંભ-પંચમી પક્ષ (જૈન), નાગાબાવાનો મેળો (જલેબી-ભજિયાં) વાંકાનેર મુસ્લિમ, તા. ૨૪ રમઝાન, હિજરી સન ૧૪૩૧




તંત્રીલેખ ............૪
■ ચીનની ચાલ સામે સાવધાન
■ મુંબઈ પોલીસ માટે શરમજનક...

પાનું...................૨
■ લીલાવતી હૉસ્પિટલ ટ્રસ્ટ વિવાદ

છેલ્લું .........પાનું
■ આગમ પ્રીમિયર લીગ : આજના સવાલ

આજના અંક સાથે મહેક પૂર્તિ


**સુવાસ**

સુખ આપણી ભીતર જ છુપાયેલું છે, તેને બહાર શોધવું વ્યર્થ છે.

– સ્વામી વિવેકાનંદ

http://www.janmabhoominewspapers.com

## અંતે પાકિસ્તાનની બદનામ ત્રિપુટી સસ્પેન્ડ

# પાકિસ્તાન બોર્ડ શરદ પવાર સામે કેસ કરવાનું વિચારે છે



લંડન, તા. ૪ : ઈંગ્લૅન્ડમાં પાકિસ્તાનના હાઈ કમિશનર વાઝિદ શમસુલ હસને શુક્રવારે મૅચ ફિક્સિંગના આરોપી ત્રણે પાકિસ્તાની ખેલાડીઓ મોહમ્મદ આસિફ, મોહમ્મદ આમિર અને સલમાન બટને સસ્પેન્ડ કરવાના નિર્ણયને લઈ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી)ની ભારે ટીકા કરી છે.

હસને જણાવ્યું હતું કે આઈસીસીનું પાકિસ્તાની ક્રિકેટ પ્રત્યેનું વલણ ભેદભાવપૂર્ણ છે અને આ સંદર્ભમાં તેઓ આઈસીસીના પ્રમુખ શરદ પવાર પર કેસ કરવાનું વિચારી રહ્યા છે. આ ત્રણે ખેલાડીઓને સસ્પેન્ડ કરવાનું પગલું અનૈતિક હોવાનું અને આ નિર્ણય પવારના દબાણ હેઠળ લેવાયો હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો.

હસને એવો પણ આરોપ મૂક્યો છે કે આઈસીસીના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર હારુન લોગાર્ટે તેમના ખેલાડીઓના સસ્પેન્ડ અંગે પહેલાં કોઈ માહિતી આપી નહોતી. એટલે કે નિર્ણય પહેલાં લેવાયો નહોતો.

હસનના જણાવ્યા પ્રમાણે પવાર અને તેમના સાથીઓ પાકિસ્તાનને બદનામ કરવાનું ષડ્યંત્ર રચી રહ્યા છે. હસને કહ્યું હતું કે જ્યારે આ પ્રકરણની તપાસ ચાલી રહી છે એવી સ્થિતિમાં આઈસીસીનો આ નિર્ણય તદ્દન ખોટો છે. કોઈ પણ સંસ્થાએ આ પ્રકરણથી હાલ તો દૂર જ રહેવું જોઈતું હતું. ખેલાડી સ્વેચ્છાથી ક્રિકેટથી દૂર જઈ ચૂક્યા છે ત્યારે આ નિર્ણય ન્યાયોચિત અને સમયના હિસાબે ઉચિત



નથી. હસને કહ્યું હતું કે ત્રણે ખેલાડીઓ સાથે વાત થઈ છે. ત્રણેએ પોતાને નિર્દોષ જણાવ્યા છે, પરંતુ જે કંઈ થઈ રહ્યું છે તેનાથી તેઓ ભારે પરેશાન છે. આવી સ્થિતિમાં રમત પર ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ છે.

તેમણે એમ પણ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ નિર્દોષ છે અને તપાસ પૂરી થાય ત્યાં સુધી ટીમથી દૂર જ રહેશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે વિના કારણે તેઓને નાહકના પરેશાન કરવામાં આવી રહ્યા છે.

હસનનું આ નિવેદન આઈસીસીના એ નિર્ણય પછી આવ્યું હતું, જેના અંતર્ગત તેણે ત્રણે ખેલાડીઓને સસ્પેન્ડ કર્યાના ૧૨ કલાકની અંદર તેમની વિરુદ્ધ ગુનાહિત તપાસની જાહેરાત કરી હતી.

## કૉમર્સ કૉર્નર

# કેન્દ્ર સરકાર ખાંડ ડિકન્ટ્રોલ કરવા માટે ગંભીર જણાતી નથી

### પ્રથમ રાજ્ય સરકારો સાથે ચર્ચા કરાશે : વધ્યા મથાળેથી ૭૦ ટકા સુગર શૅરો પાછા પડ્યા

મુંબઈ, તા. ૪ : એક તરફ કૃષિપ્રધાન નવી મોસમની શરૂઆતથી ખાંડને અંકુશમુક્તિ (ડિકન્ટ્રોલ) કરવાની હિમાયત કરી રહ્યા છે, ત્યારે આ મુદ્દે ઉતાવળા નહીં થવા સાથે કેન્દ્ર સરકારે સૌપ્રથમ રાજ્યની સરકારો સાથે આ મુદ્દે ચર્ચા-વિચારણા કરવાનો નિર્ણય કર્યો છે એમ સુમાહિતગાર સાધનો દ્વારા જાણવા મળે છે; બીજી તરફ સરકારે આગામી ત્રણ માસમાં ૨.૫ લાખ ટન ખાંડની નિકાસ કરવાની છૂટ આપી છે.

ગુરુવારે શરદ પવારે વડા પ્રધાન મનમોહન સિંઘને મળીને ખાંડને અંકુશમુક્તિ આપવા મજબૂત રજૂઆત કરી હતી, પણ ખાંડ ઉદ્યોગના કેટલાક માંધાતા માને છે કે જ્યારે ફુગાવાનો પ્રશ્ન હજી ઊભો છે, એટલું જ નહીં, અન્ન મોંઘવારી આંક ફરી ૧૦.૦૫ ટકાથી વધી ૧૦.૮૬ ટકા થયો છે. તે જોતાં નિયંત્રણમુક્તિનો પ્રશ્ન ઊભો થતો નથી. એટલે કે ડિકન્ટ્રોલને હજી ઘણી વાર લાગશે. કેન્દ્ર ખાસ તો ખાંડનું ઉત્પાદન કરતાં રાજ્યની સરકારો સાથે આ મુદ્દે સૌપ્રથમ ચર્ચા કરી લેવા માગે છે. પવારના સૂચનને સ્વીકારવું એટલે કે ખાંડમાં માસિક ક્વોટા છૂટો કરવો, લેવી ક્વોટા સિસ્ટમ ત્યજી દેવી અને શેરડીના વાવેતર વિસ્તારને અનામત રાખવાની સિસ્ટમ રદબાતલ થઈ જાય એમ કહી શકાય.

### બીલ્ડરો પાર્કિંગ સહિત ખુલ્લી જગ્યા વેચી શકે નહીં

# સુપ્રીમ કોર્ટના ચુકાદાથી ફ્લૅટના ભાવ વધવાની ભીતિ

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૪ : ગયા બુધવારે સર્વોચ્ચ અદાલતે એવો ચુકાદો આપ્યો હતો કે ડેવલપરોને તેમનાં રહેઠાણ સંકુલોમાંની ખુલ્લી જગ્યાઓ અને સ્ટિલ્ટ એરિયા વેચવાનો કોઈ હક્ક નથી. પ્રૉપર્ટી ખરીદનારાઓ માટે આ એક સારા સમાચાર છે, પરંતુ હવે એવો ભય ઊભો થયો છે કે બીલ્ડરો ફ્લૅટના ભાવ વધારીને તેમાંથી પાર્કિંગની જગ્યાના પૈસા ઊભા કરી લેશે.

મહારાષ્ટ્ર ઓનરશિપ ઑફ ફ્લૅટ ઍક્ટ (મોફા)ની જોગવાઈ અનુસાર પાર્કિંગની જગ્યા વેચી શકાય નહીં. આમ છતાં, ડેવલપરો એવો દાવો કરતા હોય છે કે તેઓ ખુલ્લી જગ્યા વેચતા નથી, પરંતુ તેઓ ખરીદનારાઓને પાર્કિંગની જગ્યા વેચે છે, જે કાયદા હેઠળ માન્ય છે, એમ મહારાષ્ટ્ર સોસાયટીઝ વેલફેર ઍસોસિયેશનના ચૅરમૅન રમેશ પ્રભુએ જણાવ્યું હતું. પરંતુ હકીકતમાં આ અલોટમેન્ટનો મતલબ ફ્લૅટ ખરીદનારાને

(અનુસંધાન પાનું ૫)

## પશ્ચિમ રેલવેનાં ધાંધિયાં

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૪ : પશ્ચિમ રેલવેના બોરીવલી તથા કાંદિવલી સ્ટેશન વચ્ચે આજે સવારે ઓવરહેડ વાયર તૂટવાથી રેલવેનો વ્યવહાર ખોરવાયો હતો તથા તમામ લોકલ ટ્રેનો ૨૦થી ૨૫ મિનિટ મોડી દોડતી હતી.

## અમેઠીમાં રાહુલ પર ફરિયાદોનો ધોધ

અમેઠી, તા. ૪ : હાલ અમેઠીની મુલાકાતે ગયેલા કૉંગ્રેસના મહામંત્રી રાહુલ ગાંધી સમક્ષ ગઈકાલે તેમના મતદાર સંઘના નાગરિકોએ ફરિયાદોનો ધોધ વહેવડાવ્યો હતો. તેઓ ત્રણ દિવસથી અમેઠીમાં છે. રાહુલ ગાંધીએ બધી જ ફરિયાદો શાંતિથી સાંભળી તેમ જ નિવેદનો સ્વીકાર્યાં હતાં. આગામી વિધાનસભા ચૂંટણીઓ પૂર્વે આ ફરિયાદોનો નિવેડો લાવવામાં આવશે.

## ફોર્બસની યાદીમાં ભારતની ૩૯ કંપની

નવી દિલ્હી, તા. ૪ : ફોર્બસ મૅગેઝિને એશિયામાં એક અબજ ડૉલરથી ઓછો કારોબાર કરનારી સૌથી સારી કંપનીઓની બહાર પાડેલી યાદીમાં ભારતની ૩૯ કંપનીનો સમાવેશ કર્યો છે. યાદીમાં સૌથી વધુ ૭૧ કંપની હૉંગકૉંગની છે તથા ૩૯ કંપની સાથે ભારત બીજા ક્રમાંકે છે. ભારતીય કંપનીઓમાં જિંદાલ ડ્રિલીંગ, ઈમામી, એલાઈડ ડિજીટલ, એકસાઈડ ઈન્ડસ્ટ્રીઝ, સ્પાઈસ મોબિલિટી તથા માઈક્રો ટેક્નૉલૉજીસ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે.

# એસીપીનાં પુત્ર અને પુત્રવધૂનાં મોતનું રહસ્ય હજી ઉકેલાયું નથી

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૪ : મુંબઈ પોલીસદળના પ્રોટેક્શન વિભાગમાં કાર્યરત સહાયક પોલીસકમિશનર મધુસૂદન કુરણેનાં પુત્ર અને પુત્રવધૂનાં મોતનું રહસ્ય હજી ઉકેલાયું નથી, ત્યાં કુરણે કુટુંબ પર એક બીજી આફતના ઓળા છવાઈ રહ્યા છે. અભિજિતે પોતાની અને પત્નીની જિંદગી ટૂંકાવી નાખવા જે રિવૉલ્વરનો ઉપયોગ કર્યો હતો તે તેના પિતાની સર્વિસ રિવૉલ્વર હતી. સર્વિસ રિવૉલ્વર કેવી રીતે અભિજિત પાસે પહોંચી તેની પોલીસ તપાસ કરી રહી છે, પરંતુ રિવૉલ્વર બેદરકારીથી રાખવા બદલ કુરણે સામે ખાતાકીય તપાસ થશે અને તેમાં તેઓ દોષિત ઠરશે તો તેમનું પ્રમોશન પણ અટકી જશે એવી ચર્ચા મુંબઈ પોલીસદળમાં ચાલી રહી છે.

મલાડ (પશ્ચિમ)ના રાજનપાડા વિસ્તારમાં ગુરુવારે રાતે સંરક્ષણ વિભાગના સહાયક પોલીસ આયુક્ત મધુસૂદન કુરણેના પુત્ર અભિજિતે (૨૭) પત્ની અશ્વિની (૨૧)ને ગોળીથી વીંધીને પોતે આત્મહત્યા કરી હતી. આ પગલું અભિજિતે હતાશાને કારણે ભર્યું હોવાની આશંકા સેવાઈ રહી છે.

મલાડ પોલીસે જણાવ્યું હતું કે રાજનપાડામાં રૉયલ એપાર્ટમેન્ટના ત્રીજે માળે આવેલા રૂમ નંબર ૩૦૬માં પરિવાર સાથે રહેનાર અને ઘરે બેસીને ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરનાર અભિજિતનાં લગ્ન આઠ મહિના અગાઉ પિતરાઈ બહેન (મામાની દીકરી) અશ્વિની સાથે થયાં હતાં.

**જન્મભૂમિ**

## આગમ પ્રીમિયર લીગ

**આ**જથી શરૂ થતાં પર્યુષણ પર્વ પ્રસંગે 'જન્મભૂમિ'એ આગમ પ્રીમિયર લીગ ઈનામી સ્પર્ધા શરૂ કરી છે. રોજ પ્રકાશિત થતી કૂપનમાં સાચા જવાબ ભરી તુરંત જન્મભૂમિને આ કૂપન મોકલી આપો. રોજેરોજ ઈનામો આપવામાં આવશે. કૂપન કાપીને બે દિવસમાં મોકલી આપવાની રહેશે. આવતા શનિવાર સુધી આ સ્પર્ધા ચાલશે, જેમાં કુલ આઠ કૂપનો પ્રકાશિત થશે. 'જન્મભૂમિ'માં પ્રકાશિત થતી કૂપનમાં જ જવાબ ભરીને મોકલવાના રહેશે. ઈનામોની જાહેરાત સ્પર્ધા પૂરી થયા બાદ તુરંત કરવામાં આવશે. જવાબી કૂપનો મોકલવાનું સરનામું :

**જન્મભૂમિ, જન્મભૂમિ ભવન,**
**જન્મભૂમિ માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧.**

# લવાસા પ્રકરણનો ૧૫ દિવસમાં અહેવાલ : રાણે

મુંબઈ, તા. ૪ : વિવાદાસ્પદ બનેલા લવાસા સિટી પ્રોજેક્ટમાં અમુક અનિયમિતતાઓ જણાઈ હોવાનું કબૂલ કરતાં રાજ્યના મહેસૂલ ખાતાના પ્રધાન નારાયણ રાણેએ જણાવ્યું હતું કે આ અંગે તપાસ શરૂ કરવામાં આવી હોઈ આગામી પખવાડિયામાં તેનો અહેવાલ રજૂ કરવામાં આવશે.

એનસીપીના સર્વેસર્વા અને કેન્દ્રીય કૃષિપ્રધાન શરદ પવાર આ પ્રોજેક્ટ સાથે આડકતરી રીતે સંકળાયેલા છે એવું પણ ગઈકાલે મુખ્ય પ્રધાન અશોક ચવ્હાણે યોજેલી પત્રકારપરિષદમાં બહાર આવ્યું હતું. લવાસા સિટી પ્રોજેક્ટને સિંચાઈ માટેની ૧૪૧ હેક્ટર જમીન આપવામાં આવી હોવાનું પણ રાણેએ જણાવ્યું હતું. સિંચાઈ માટેની જમીન આ પ્રકારે સંબંધિત ખાતાને આપવાનો અધિકાર છે કે એ અંગેની તપાસ પણ કરાઈ રહી હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

લવાસા સિટી માટે આદિવાસીઓની જમીન સુધ્ધાં સંપાદન કરાઈ હોવાનું સ્પષ્ટ થયું છે.

Advt.

Advt.


**વ્યાપાર**

બુધવાર, તા. ૮-૯-૧૦ના અંકમાં વાંચો

## કેપિટલ ગેઈન્સ બાબત સરકારનો એફઆઈઆઈ પ્રતિ પક્ષપાત

ડાયરેક્ટ ટૅક્સ કોડના ખરડામાં સરકારે શૅરબજારમાં નાના રોકાણકારોને ભેદભાવ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ)ને ફાયદો થાય તેવી રીતે કેપિટલ ગેઈન્સ પ્રતિ વલણ લીધું છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિલીપ લાખાણી આ મુદ્દો ઉઠાવી લોકોએ આનો અસરકારક વિરોધ કરવો જોઈએ તેનું સૂચન કર્યું છે.

-: નકલ માટે સંપર્ક :-

**સર્ક્યુલેશન મૅનેજર**

જન્મભૂમિ ભવન, જન્મભૂમિ માર્ગ, ફોર્ટ,
મુંબઈ-૪૦૦ ૦૦૧. ટે. નં. ૨૨૮૭૦૮૩૧ - ૩૪